# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શિષ્યવૃત્તિ યોજનાઓને યુવાનોનાં સ્વપ્નને પાંખ આપનારું માધ્યમ ગણાવી.**
2. **ન્યાયમૂર્તિ સૂર્ય કાન્તે સર્વોચ્ચ અદાલતના પાંચ નવ નિયુક્ત ન્યાયાધીશોને શપથ લેવડાવ્યા.**
3. **ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાના મોટાભાગના ઘટકોને અંતિમ સ્વરૂપ આપ્યુ.**
4. **દ્વિપક્ષિય વ્યાવસાયિક સંબંધને વધુ સુદ્રઢ બનાવવા વિદેશ મંત્રીની દક્ષિણ આફ્રિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ પોલ માશાટાઇલ સાથે બેઠક.**
5. **નૉર્વે ચેસ 2026ના સાતમા રાઉન્ડમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર પ્રજ્ઞાનંદા અને વિશ્વવિજેતા ડી. ગુકેશનો વિજય.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PREZ - TRIBALS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે શિક્ષણ એ સશક્તિકરણનું એક શક્તિશાળી માધ્યમ છે જે વ્યક્તિઓને આત્મનિર્ભર, જાગૃત અને સક્ષમ બનાવે છે. આજે નવી દિલ્હીમાં શિષ્યવૃત્તિ યોજનાના આદિવાસી લાભાર્થીઓને સંબોધન કરતાં રાષ્ટ્રપતિએ કહ્યું કે સાચો વિકાસ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે સમાજના તમામ વર્ગો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પ્રગતિ કરે. તેમણે ભાર મૂક્યો કે સરકારી શિષ્યવૃત્તિ યોજનાઓએ ઉચ્ચ શિક્ષણ અને નવી તકો સુધી પહોંચને સક્ષમ બનાવીને આદિવાસીઓના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. તેમણે ભારતીય પ્રતિભાને ઓળખવા અને તેને આગળ વધારવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

## (BYTE - DRAUPADI MURMU)

# SC JUDGES OATH

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે આજે સર્વોચ્ચ અદાલતના પાંચ નવા ન્યાયાધીશોને શપથ લેવડાવ્યા. ન્યાયાધીશ શીલ નાગુ, શ્રી ચંદ્રશેખર, સંજીવ સચદેવા, અરુણ પલ્લી અને વરિષ્ઠ વકીલ વી. મોહનાએ  સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે શપથ લીધા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારો વટહુકમ, 2026 જાહેર કર્યાના અઠવાડિયા બાદ  આ શપથ સમારોહ યોજાયો હતો જેમાં સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની મંજૂર સંખ્યા 34  થી વધારીને 38 કરવામાં આવી છે, જેમાં ભારતના મુખ્ય ન્યાયાધીશનો પણ સમાવેશ થાય છે.

# INDO-US TRADE TALKS

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે, ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાના મોટાભાગના ઘટકોને અંતિમ સ્વરૂપ આપી દીધું છે.

તેમણે કહ્યું કે અમેરિકન ટીમ દ્વિપક્ષીય વેપાર કરાર –BTA ના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા માટે વાટાઘાટો કરવા માટે નવી દિલ્હીમાં છે.

આ વાટાઘાટો આજથી 4 જૂન દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. ભારતના વાણિજ્ય વિભાગમાં અધિક સચિવ દર્પણ જૈન છે, જ્યારે અમેરિકન ટીમનું નેતૃત્વ બ્રેન્ડન લિંચ કરી રહ્યા છે.

3 ફેબ્રુઆરીના રોજ, બંને પક્ષોએ BTA ના પ્રથમ તબક્કા માટે માળખાની જાહેરાત કરી હતી. ભારત અને અમેરિકાએ 7 ફેબ્રુઆરીના રોજ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને BTA ના પ્રથમ તબક્કાના માળખાને અંતિમ સ્વરૂપ આપ્યું, જેને વચગાળાનો વેપાર કરાર પણ કહેવામાં આવે છે.

# JAISHANKAR - SOUTH AFRICA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં દક્ષિણ આફ્રિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ પોલ માશાટાઇલ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન તેમણે વેપાર, રોકાણ, MSME, ડિજિટલ અને માળખાગત સુવિધાઓમાં તકો અંગે ચર્ચા કરી હતી. બંને દેશો આંતરરાષ્ટ્રીય મંચો પર નજીકથી કામ કરવા સમંત થયા હોવાનું પણ ડૉ. જયશંકરે જણાવ્યું હતું.

# REV. CBSE-PORTAL LIVE

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ CBSE એ સ્કેન કરેલ ઉત્તરવહીઓમાં સમસ્યાઓની ચકાસણી અને જવાબોના પુનઃમૂલ્યાંકન માટેનું પોર્ટલ આજથી શરૂ કર્યું.

આ પોર્ટલ 6 જૂન સુધી ખુલ્લું રહેશે. એક નિવેદનમાં, CBSE એ જણાવ્યું હતું કે આ સુવિધા ફક્ત તે વિદ્યાર્થીઓ જ મેળવી શકશે જેમણે તેમની મૂલ્યાંકન કરેલ ઉત્તરવહીઓની સ્કેન કરેલ નકલ મેળવી છે. બોર્ડે જણાવ્યું હતું કે સુરક્ષા કારણોસર આધાર ચકાસણીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે બાળકો પાસે આધાર નથી, તેમના માતાપિતા, સંબંધીઓ અથવા વાલીઓની આધાર વિગતોનો ઉપયોગ કરી શકાય છે.

CBSE અનુસાર, વિદ્યાર્થીઓએ પૂરી પાડવામાં આવેલ સ્કેન કરેલ નકલોમાં જોવા મળેલ ખામીઓની ચકાસણી માટે પ્રતિ ઉત્તરવહી 100 રૂપિયા ચૂકવવા પડશે જ્યારે પુનઃમૂલ્યાંકન માટે પ્રતિ પ્રશ્ન 25 રૂપિયા ચૂકવવા પડશે. ફી ફક્ત UPI, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અથવા નેટ બેંકિંગ જેવા ઓનલાઈન મોડ દ્વારા ચૂકવી શકાય છે. CBSE એ વિદ્યાર્થીઓને ગુણની ચકાસણી અને પુનઃમૂલ્યાંકન માટે કેવી રીતે અરજી કરવી તે અંગે પગલા-દર-પગલાની સૂચનાઓ માટે ટ્યુટોરીયલ વિડિઓ કાળજીપૂર્વક જોવાની સલાહ આપી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# HOME---IMMIGRATION-RULE

ગૃહ મંત્રાલયે ઇમિગ્રેશન અને વિદેશીઓ (સુધારા) નિયમો, 2026 ને સૂચિત કર્યા છે, જેમાં ઇમિગ્રેશન અને વિદેશીઓ નિયમો, 2025 હેઠળ નોંધણી સમયરેખા અને અપીલ પદ્ધતિમાં મુખ્ય ફેરફારો રજૂ કરવામાં આવ્યા છે. આ સુધારો ભારતમાં આગમનના 180 દિવસની સમાપ્તિ પહેલાં કોઈપણ સમયે નોંધણી પૂર્ણ કરવાની રહે છે. અગાઉ, 180-દિવસની અવધિ સમાપ્ત થયા પછી 14 દિવસની અંદર નોંધણી પૂર્ણ કરવાની રહેતી હતી. જો કે, આ સમયગાળા પછી મોડી નોંધણી હવે ફક્ત કટોકટીની પરિસ્થિતિઓમાં જ મંજૂરી આપવામાં આવશે.

# INDIA-AFRICA EBOLA

ભારતે આફ્રિકામાં જાહેર આરોગ્ય તૈયારીઓને સહાય આપવા અને ઇબોલા પ્રતિભાવ પ્રયાસોને મજબૂત બનાવવા માટે આફ્રિકા સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનને બીજીવાર તબીબી સહાય મોકલી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે આ સહાયમાં રક્ષણાત્મક ગિયર, ડાયગ્નોસ્ટિક અને મોનિટરિંગ સાધનો, દવાઓ અને પોષણયુક્ત પૂરવણીઓનો સમાવેશ થાય છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે 43 ટનની આ શિપમેન્ટ આફ્રિકન યુનિયનના સભ્ય દેશોમાં જાહેર આરોગ્ય તૈયારીઓને વધુ સક્ષમ બનાવશે.

# REV. PREZ PM TELANGANA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેલંગાણાના લોકોને રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું, તેલંગાણાએ વર્ષોથી નવીનતા અને વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાષ્ટ્રપતિએ તેલંગાણાના લોકોની સતત પ્રગતિ અને સમૃદ્ધિની પણ શુભેચ્છા પાઠવી.

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને રાધાકૃષ્ણને કહ્યું કે તેલંગાણાએ તેના લોકોની સર્જનાત્મકતા, નવીનતા, સખત મહેનત અને સ્થિતિસ્થાપકતા દ્વારા રાષ્ટ્રની પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તેલંગાણાના લોકો તેમની સર્જનાત્મકતા અને વ્યવસાયિક કુશળતા માટે પ્રખ્યાત છે. તેમણે કહ્યું કે, રાજ્ય એક મહાન ઇતિહાસ અને ભવ્ય સંસ્કૃતિ ધરાવે છે જે હિંમત, નિશ્ચય અને સંઘર્ષની ભાવનાના પ્રતીક તરીકે ઉભું છે. શ્રી મોદીએ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં તેલંગાણાના વિકાસ ચળવળને સંપૂર્ણ સહયોગ આપવા માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.

# NORWAY CHESS 2026

નૉર્વે ચેસ 2026ના સાતમા રાઉન્ડમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર પ્રજ્ઞાનંદા અને વિશ્વવિજેતા ડી. ગુકેશનો વિજય થયો. પ્રજ્ઞાનંદા રમેશબાબુએ ક્લાસિકલ મેચમાં અલીરેઝા ફિરોજ્જાને, જ્યારે ડી. ગુકેશે આર્માગેડન મેચમાં વેસ્લી શોને હરાવીને જીત મેળવી.

બીજી તરફ મહિલા વર્ગમાં, કોનેરુ હમ્પી અને દિવ્યા દેશમુખ વચ્ચેની રોમાંચક રહેલી ક્લાસિકલ મેચ અંતે ડ્રોમાં પરિણમી હતી. ત્યારબાદ  આર્માગેડન મેચ જીતી દિવ્યાએ વધારાના પોઈન્ટ મેળવ્યા અને પોતાની સ્થિતિ મજબૂત બનાવી હતી.

# IMD

હવામાન વિભાગે આજે કર્ણાટક, કેરળ, માહે, લક્ષદ્વીપ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરાખંડ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની શક્યતા છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો, ગુજરાત, ઓડિશા, રાજસ્થાન અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં 50 થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

બીજી તરફ અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઓડિશા અને ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં આવતીકાલ સુધી ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની આગાહી કરવામાં આવી  છે.

# SOUTH KOREA FIRE

દક્ષિણ કોરિયાના સંરક્ષણ શસ્ત્રો ઉત્પાદક હનવા એરોસ્પેસના ડેજેઓન પ્લાન્ટમાં આજે એક વિસ્ફોટ થતાં પાંચ લોકોના મોત  અને બે અન્ય ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.. ઉત્પાદકે આંશિક રીતે ઉત્પાદન સ્થગિત કરી દીધું છે. પોલીસે અકસ્માતનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

# ITALY-EARTHQUAKE

ઇટલીના દક્ષિણ કેલાબ્રિયા પ્રદેશના દરિયાકાંઠે આજે વહેલી સવારે 6.1 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપનું કેન્દ્રબિંદુ સમુદ્રમાં લગભગ 250 કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું. કેલાબ્રિયા, સિસિલી, કેમ્પાનિયા અને પુગ્લિયા સહિત દક્ષિણ ઇટલીના ઘણા પ્રદેશોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના અહેવાલ નથી.